ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૧૪/૨૪-૨૫/ 565 તારીખ : 18 JUN 2024

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી અશોકભાઈ ગોવિંદભાઈ હુંબલ,**
(કસ્તરી કોમોડીટી પ્રા.લી.),
રાજપરા (ખો), ગામ-નેસડા,
તા.શિહોર, જી.ભાવનગર.

કેસ નં.૧૪/૨૪-૨૫

**મો.નં. ૯૭૩૭૭ ૭૫૫૫૫.**

**વિષય : ઓફીસના વાણીજય હેતુનું વીજ કનેકશન ખોટી રીતે બંધ કરવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૫/૦૪/૨૦૨૪. અત્રેની કચેરીને મળ્યા તા.૦૨/૦૫/૨૦૨૪.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૪/૨૪-૨૫/૪૧૧ તા.૦૩/૦૫/૨૦૨૪.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૪/૨૪-૨૫/૪૩૮ તા.૧૩/૦૫/૨૦૨૪.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૮/૦૫/૨૦૨૪** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ
વિભાગીય કચેરી, **ભાવનગર ગ્રામ્ય.**

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર, પ. ગ. વી. કં. લિ., પેટા વિભાગીય કચેરી, **વરતેજ.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

# ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૪/૨૪–૨૫** ☜

**વાદી** :– **શ્રી અશોકભાઈ ગોવિંદભાઈ હુંબલ**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ:– તા.૨૮/૦૫/૨૦૨૪** ◈

હાજર રહયા :– **શ્રી અશોકભાઈ ગોવિંદભાઈ હુંબલ (વાદીશ્રી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એસ. એલ. પટેલ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ભાવનગર ગ્રામ્ય.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી અશોકભાઈ ગોવિંદભાઈ હુંબલ, મુ.નેસડા, તા.શિંહોર, જી.ભાવનગરની ઓફીસના વાણીજય હેતુનું વીજ કનેકશન ખોટી રીતે બંધ કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૪/૨૪–૨૫ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૪/૨૪–૨૫/૪૧૧ તા.૦૩/૦૫/૨૦૨૪ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા. **૨૮/૦૫/૨૦૨૪** ના રોજ ભાવનગર મુકામે ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી અશોકભાઈ ગોવિંદભાઈ હુંબલ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એસ. એલ. પટેલ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ભાવનગર ગ્રામ્ય ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમે કસ્તુરી કોમોડીટી પ્રા. લીમીટેડ ના નામનું ખોડીયાર મા ના મંદિર નજીક, રાજપરા (ખો) ઓફીસનું વાણીજય હેતુનું વીજજોડાણ ૩૬૭૨૯૬૦૧૫૯૦ માં ધરાવીએ છીએ.

૧.૨ અમારૂ કારખાનું બંધ હતું એટલે અમારી ઓફીસ બંધ રહેતી હતી, આથી અમારૂ ૪ મહીનાનું બીલ બાકી હતું અને વરતેજ સબ ડીવીઝન માંથી સ્ટાફ દવારા આ વીજજોડાણનું મીટર ઉતારી ગયેલ. આથી અમારા દવારા તા.૨૪/૦૪/૨૪ ના રોજ રૂબરૂ બાકી બીલ ભરપાઈ કરવા માટે અમે વરતેજ સબ ડીવીઝન ગયા ત્યારે અમારૂ બીલ સ્વિકારેલ નહી અને જણાવેલ કે અમારૂ આ વીજજોડાણનું બીલ ભરો પણ વીજજોડાણ ચાલુ થઈ શકશે નહી કારણકે, આ જોડાણ રદ કરવામાં આવેલ છે.

Redressal Forum
V.C.L.
Bhavnagar

૧.૩ અમોએ વરતેજ સબ ડીવીઝનમાં રૂબરૂ તપાસ કરતાં, અમારૂ સદર મીટર રદ બાતલ "X" કરી નાખવામાં આવેલ છે, તેવી અમને જાણ થઈ છે. ખરેખર અમોને આ વીજજોડાણ રદ કરવા માટે કોઈ નોટીસ આપવામાં/ પહોંચતી કરવામાં/ જાણ કરવામાં આવી નથી.

૧.૪ સદર વીજજોડાણના અમારી સાથેના એગ્રીમેન્ટ કરાર પુરો થયાની કે એગ્રીમેન્ટ કરાર રદ થયાની ૧૮૦ દિવસની કોઈ નોટીસ આપવામાં આવલ નથી. આમ, વીજ કંપનીએ ખોટી રીતે અમારૂ સદર જોડાણ રદ કરેલ હોય, સદર વીજજોડાણ ફરીથી ચાલુ કરી આપવા હુકમ કરવા અમારી નમ્ર વિનંતી છે અને જે પણ કોઈ નિયમ અનુસારનું બીલ ભરવાનું થાય તે ભરવા માટે અમો તૈયાર છીએ.

**<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ ગ્રાહક શ્રી કસ્તુરી કોમોડીટી પ્રા.લીમીટેડ ના નામનું ગ્રાહક નં.૩૬૭૨૯/૬૦૧૫૯/૦ નું ખોડીયાર માના મંદિર નજીક રાજપરા ઓફીસ નામનું વાણીજય હેતુનું વીજજોડાણ ધરાવે છે. જેની ૧૪૫ પી.આર.ટી. તપાસતાં સદર વીજજોડાણમાં જુન–૨૩ સુધી એક પણ યુનિટનો વપરાશ થયેલ નથી અને સદર વીજજોડાણની કલેકશન ડીટેલ તપાસતાં એક પણ બીલ નિયમીત ભરેલ નથી. જેના આધાર પુરાવા આ સાથે સામેલ કરેલ છે.

૨.૨ ગ્રાહક દવારા છેલ્લું બીલ તા.૨૯.૦૩.૨૦૨૩ ના રોજ ભરપાઈ કરેલ છે અને કંપનીના નિયમ મુજબ બીલમાં બીલની રકમ ભરવાની સમયમર્યાદા દિવસ–૧૦ ની આપવામાં આવે છે. પરંતુ ગ્રાહક દવારા ૧૨ માસ સુધી બીલ ભરેલ ન હતું અને બીલની કુલ રકમ રૂા.૩૦૫૦/– હતી.

૨.૩ આમ, પેટા વિભાગીય કચેરીના સ્ટાફ અવારનવાર સ્થળ પર ગયેલ પરંતુ સ્થળ પર લોક હતું અને કોન્ટેકટ કરતા જુના ચોકીદાર દવારા જણાવેલ કે માલીકે બધુ જ વહેંચી દીધેલ છે, તેથી બીલ ભરપાઈ કરવામાં આવેલ નથી.

૨.૪ તેથી પેટા વિભાગીય કચેરી દવારા તા.૨૯/૦૩/૨૦૨૪ થી પ્રીમાયસીસ નોનયુઝ હોવાના કારણે મીટર સર્વિસ ઉતારી જમા લીધેલ છે અને સી.આર. નં.૨૨૯૩ થી ગ્રાહકનું કનેકશન "X" કરવામાં આવેલ અને ગ્રાહકના કનેકશનમાં એક વર્ષ સુધી કોઈપણ રકમ ભરપાઈ કરવામાં આવેલ નથી અને ગ્રાહકના વીજજોડાણમાં તા.૨૪/૦૨/૨૦૧૬ થી તા.૨૯/૦૩/૨૦૨૪ સુધીમાં માત્ર ૬૧ યુનિટનો વપરાશ કરવામાં આવેલ છે.

૨.૫ વધુમાં વરતેજ પેટા વિભાગીય કચેરી દવારા વીએસડી/રેવ/૧૮૨૮ તા.૧૬/૦૫/૨૦૨૪ ના રોજ ગ્રાહકશ્રીને ઈ–મેઈલ કરેલ પત્ર દવારા જાણ કરવામાં આવેલ છે કે, સદર સ્થળ પર વીજજોડાણ મેળવવા માંગતા હોય તો કંપનીના નિયમ મુજબ બીલની રકમ ભરવાની રહેશે અને ફરીવાર વીજજોડાણ માટેની અરજી કરવાની રહેશે અને જુની ડીપોઝીટ ની રકમ પરત મળશે.

**☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી શ્રી અશોકભાઈ ગોવિંદભાઈ હુંબલ દવારા તેમના કસ્તુરી કોમોડીટી પ્રા.લી. ના નામનું ૬.૫ KW નું NRGP વીજ. કનેકશન ધરાવે છે, જે પ્રતિવાદી પીજીવીસીએલ દવારા કોઈપણ જાતની નોટીસ આપ્યા વગર રદ કરવામાં આવતાં, ફોરમને રજુઆત કરેલ છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૩.૨ વાદીની અરજી અંગે આજરોજ તા.૨૮/૦૫/૨૦૨૪ ના રોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ છે, જેમાં વાદી અને પ્રતિવાદીએ હાજર રહી રજુઆત કરેલ છે.

૩.૩ પ્રસ્તુત કેસની રજુ થયેલ વિગત મુજબ ગ્રાહક મે. શ્રી કસ્તુરી કોમોડીટી પ્રા.લી. ના નામનું ગ્રા.નં.૩૬૭૨૯/૬૦૧૫૯/૦ નું વાણીજ્ય હેતુ નું છે, જેમાં લાંબા સમય સુધી (૧૨ માસ) રૂા.૩,૦૫૦/– ની રકમ ભરપાઈ ન થતાં, પ્રતિવાદી પીજીવીસીએલ દવારા નોન યુઝ જગ્યાનું આ કનેકશન તા.૨૯/૦૩/૨૦૨૪ ના રોજ મીટર સર્વિસ જમા લીધેલ છે અને સી.આર. નં.૨૨૯૩ થી ગ્રાહકનું કનેકશન "X" કરેલ છે. વાદીની કનેકશનને "X" કરતાં પહેલા પ્રતિવાદી દવારા કોઈ નોટીસ કે અંતિમ નોટીસ આપવામાં આવેલ નથી અને કનેકશન "X" કરેલ છે, જે ખામીયુક્ત કાર્યવાહી છે.

૩.૪ સદરહુ જગ્યા હાલના અરજદાર દવારા ઓગસ્ટ–૨૩ માં બેન્કમાંથી ઓકશનથી ખરીદવામાં આવેલ, જે અંગેનો દસ્તાવેજ સુનાવણી દરમયાન રજુ કરેલ છે. પરંતુ મિલ્કત ખરીદયા બાદ કનેકશન પોતાના નામે કરવાની કોઈ પ્રક્રિયા વાદી દવારા કરવામાં આવેલ ન હતી.

૩.૫ આમ, વિષયવાળુ ગ્રાહક નં.૩૬૭૨૯/૬૦૧૫૯/૦ નું વીજ કનેકશન હાલ કાયમી ધોરણે રદ થયેલ છે તથા તે કનેકશનના માલીકીપણા અંગેની કોઈપણ લીગાલીટી હાલના અરજદાર ધરાવતા નથી, તેવા સંજોગોમાં અરજદારની વિષયવાળુ વીજ કનેકશન પુનઃચાલુ કરી આપવાની માંગણી ગ્રાહય રાખી શકાય નહી.

૩.૬ આથી ફોરમનું તારણ છે કે ગ્રાહક ન. ૩૬૭૨૯/૬૦૧૫૯/૦ ધરવતા વીજ જોડાણની જગ્યા હાલના અરજદાર દ્વારા હરાજી થી ખરીદ કરવામાં આવી છે. આ જગ્યા પર ચાલતું વીજ જોડાણ તા. ૨૯.૦૩.૨૦૨૪ ના રોજ પ્રતિવાદી દ્વારા કાપી સર્વિસ લાઈન અને મીટર વગેરે જમા લીધેલ છે પરંતુ કાયમી ધોરણે બંધ કરવા માટેની નિયત પ્રક્રિયા અનુસરેલ નથી તે હકીકત છે પરંતુ હાલના સંજોગો માં મૂળ માલિક દ્વારા આ જોડાણ ચાલુ રાખવા માટે કોઈ રજૂઆત કરવામાં આવેલ નથી કે પ્રતિવાદી ની કાર્યવાહી સામે વાંધો કે વિરોધ હોવાનું જાણવા મળ્યું નથી.

આ સંજોગોમાં હુકમ કરવામાં આવે છે કે વાદીએ ઉપરોક્ત સ્થળે વીજ જોડાણ મેળવવા માટે નવેસરથી નવીન દસ્તાવેજી પુરાવા રજુ કરીને અરજી કરવાની રહેશે.

કાયમી ધોરણે બંધ કરવામાં આવેલ વીજ જોડાણ ચાલુ રાખવાની માંગણી ગ્રાહ્ય રાખી શકાય નહી.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રી જે.એમ મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**( પી.જે. મેહતા )**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૨૮/૦૫/૨૦૨૪.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar